Seat No. : _______________

# AF-128

**April-2015**

**T.Y.B.A., (Annual Pattern)**

**Paper-9 : Gujarati**
**(History of Gujarati Lit. Part-II)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. અનુગાંધીયુગનાં પરિબળો અને લક્ષણોનો પરિચય કરાવી, તે ગાંધીયુગથી કઈ રીતે અલગ પડે છે, તેની ચર્ચા કરો. **14**

**અથવા**

(અ) ઉશનસ્, પ્રહલાદ પારેખ અને નિરંજન ભગત પૈકી કોઈપણ એક સાહિત્યકારની સાહિત્ય સેવાનો સવિસ્તાર પરિચય કરાવો. **7**

(બ) 'વનાંચલ', 'મોરનાં ઈંડા' અને 'પરિક્રમા' પૈકી કોઈપણ એક કૃતિનો સામાન્ય પરિચય કરાવો. **7**

2. આધુનિક સાહિત્યની વિભાવના સ્પષ્ટ કરી, આધુનિકતાની લાક્ષણિકતાઓ અને વિષયો વિગતે જણાવો. **14**

**અથવા**

(અ) સાંપ્રત નવલકથા, સાંપ્રત નવલિકા અને સાંપ્રત નિબંધ પૈકી કોઈપણ એક પર ટૂંકનોંધ તૈયાર કરો. **7**

(બ) લાભશંકર ઠાકર, સુરેશ જોશી અને સિતાંશુ યશચંદ્ર પૈકી કોઈપણ એકની કવિતાનો પરિચય કરાવો. **7**

3. (અ) નીચેનામાંથી કોઈપણ **ત્રણ** છંદોનો સદૃષ્ટાંત પરિચય કરાવો. **6**

મનહર, મંદાક્રાન્તા, પૃથ્વી, શિખરિણી, ઝૂલણા

(બ) નીચેનામાંથી કોઈપણ **ચાર** પંક્તિઓનાં છંદ માત્ર ઓળખાવો. **8**

(1) છે માનવજીવનની ઘટમાળ એવી,
દુઃખ પ્રધાન, સુખ અલ્પ થકી ભરેલી.

(2) ધમાલ ન કરો, જરાય નહીં નેન ભીનાં થશો.

(3) ધીમે ધીમે છટાથી કુસુમ રજ લઈ ડોલતો વાયુ વાય.

(4) ફાગણ આવ્યો હે સખી, કેશુ ફૂલ્યાં રસાળ,
હદે ન ફૂલી રાધિકા ભ્રમર કનૈયો લાલ.

(5) તુજ પાંખ ચળકે પર્ણનાં ઝુંડો મહીં ચક્રો રચી.

4. નીચેનામાંથી કોઈપણ **ત્રણ** અલંકારોનો સદૃષ્ટાંત પરિચય કરાવો. **6**

(અ) (1) વ્યાજસ્તુતિ

(2) દૃષ્ટાંત

(3) શ્લેષ

(4) ઉપમા

(બ) નીચેનામાંથી કોઈપણ **ચાર**ના અલંકાર માત્ર ઓળખાવો. **8**

(1) રામ-રમકડું જડિયું, રાણાજી મને રામ-રમકડું જડિયું,

(2) હોડી જાણે આરબ ઘોડી

(3) આ ન શહેર, માત્ર ધૂમ્રના ધૂંવા
ન શહેર આ, કુરૂપની કથા

(4) આકાશ ધરા ત્યાં કંટ્યાં, ડોલ્યાં ચૌદ બ્રહ્માંડ

(5) વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ !
માડીનો મેઘ બારે માસ રે !

5. નીચેનામાંથી કોઈપણ **એક** કાવ્યનો છંદ, અલંકાર, રસ અને ધ્વનિ આદિની દૃષ્ટિએ આસ્વાદ કરાવો. **14**

નફો ને ખોટનો ખ્યાલ ન કર
ફકીર સાથે ભાવ-તાલ ન કર
એજ સંબંધની ચરમ સીમા
એમનાથી કોઈ સવાલ ન કર
કોક બીજુંય વસે છે અહીયાં
અહીંયાં તું આટલી ધમાલ ન કર
કેમકે, તું નથી તારી મિલકત
દોસ્ત, તારામાં ગોલમાલ ન કર
તું નથી જાણતો ક્યાં જાય છે તું
આટલી તેજ તારી ચાલ ન કર
લોક માલિકને ભૂલી બેસે
સંત તું એટલી કમાલ ન કર.

– *અદમ ટંકારવી*

**અથવા**

**ગમતાંનો કરીએ ગુલાલ**

ગમતું મળે તો અલ્યા ગૂંજે ન ભરીએ
ને ગમતાંનો કરીએ ગુલાલ,
આડા દે આંક એ તો ઓશિયાળી આંગળી,
પંડમાં સમાય એવી પ્રીતિ તો પાંગળી,
સમંદરની લ્હેર લાખ સુણી ક્યાંય સાંકળી ?
ખાડા ખાબોચિયાને બાંધી બેસાય, આતો
વરસે ગગન ભરી વ્હાલ –
ગાંઠે ગરથ બાંધી ખાટી શું જીંદગી ?
સરી સરી જાય એને સાચવશે ક્યાં લગી ?
આવે તો આપ કરી પળમાં પસંદગી,
મુઠ્ઠીમાં રાખતા તો માટીની પાંદડી
ને વેર્યે ફોરમની ફાલ
આવી મળ્યું તે દઈશ આંસુડે ધોઈને,
ઝાઝેરું જાળવ્યું તે વ્હેલેરૂં ખોઈને,
આજ પ્રાણ જાગે તો પૂછવું શું કોઈને ?
માધવ વેચંતી વ્રજનારીની સંગ તારાં
રણકી ઊઠે કરતાલ !
ગમતું મળે તો અલ્યા ગૂંજે ના ભરીએ
ને ગમતાંનો કરીએ ગુલાલ !

– *મકરંદ દવે*